# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)

**BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH**

[ Gujarat Public Universities Act No. 15/2023 ]


## પરિપત્ર:

**વિષય: રાષ્ટ્રીય સ્વચ્છ હવા કાર્યક્રમ (NCAP) હેઠળ જાગૃતિ પેદા કરવા માટે યુવાનોને જોડવા (MY Bharat Platform) બાબત.**

**સંદર્ભ: ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી ના જા.ક્ર. રસય/NCAP/૨૦૨૫/૫૭૨૮-૫૮૩૪ તા.૦૭/૦૫/૨૦૨૫**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન જૂનાગઢ, ગીર સોમનાથ, પોરબંદર તેમજ દ્વારકા જીલ્લાની તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સને જણાવવાનું કે, માન. પ્રધાનમંત્રીએ યુવાનોને તેમની આકાંક્ષાઓને સાકાર કરવા વિકસીત ભારત ના નિર્માણમાં યોગદાન આપવા માટે સશક્ત બનાવવા માટે મેરા યુવા ભારત (MY Bharat) પ્લેટફોર્મ શરૂ કર્યું હોય જેમાં પ્રદુષણ નિયંત્રણ યોજનાના સંદર્ભમાં MY Bharat દ્વારા આપની કોલેજોની એન.એસ.એસ. યુનિટને સામેલ કરી નીચેની પ્રવૃતિઓને હાથ ધરવા જરૂરી છે. આપની કોલેજની એન.એસ.એસ. યુનિટએ MY Bharat દ્વારા નીચેની પ્રવૃતિઓને આયોજીત કરવાની રહેશે.

1. વાયુ પ્રદૂષણ જાગૃતિ સપ્તાહ (1 થી 6 સપ્ટેમ્બર)
2. સ્વચ્છ વાયુ દિવસ (7 સપ્ટેમ્બર)
3. સ્વચ્છ વાયુ સર્વેક્ષણ (7 સપ્ટેમ્બર)
4. શુન્ય ઉત્સર્જન દિવસ (21 સપ્ટેમ્બર)

આપની કોલેજના એન.એસ.એસ. યુનિટના વધુમાં વધુ સ્વયંસેવકો ભાગ લે તેમજ કામગીરીનો અહેવાલ તથા જીઓ ટેગ ફોટા અત્રેની યુનિવર્સિટીની સાઈટ https://www.bknmu.edu.in પર જઈ Students corner પર ક્લીક કરી NSS પર ક્લીક કરવું. જેમાં **IMPORTANT LINKS** માં **NSS ACTIVITY UPLOAD MODULE પર ક્લીક કરી પોગ્રામ ઓફીસર્સએ પોતાની કોલેજ સીલેક્ટ કરવી અને Secret Key એન્ટર કરવી. આમ અહેવાલ માટેનો મોડ્યુલ ખુલશે. જેમાં કામગીરીનો ડેટા અપલોડ કરવાનો રહેશે.**

પ્રો. કો-ઓર્ડીનેટરશ્રી
એન.એસ.એસ. વિભાગ
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી
જુનાગઢ

ક્રમાંક/બીકેએનએમયુ/એન.એસ.એસ./71/2025
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જુનાગઢ.
તા. 25/06/2025

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન કોલેજો, એન.એસ.એસ. યુનિટ ધરાવતી તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સ તરફ.

નકલ રવાના જાણ અર્થે :

- માન. કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ.
- રાજ્ય એન.એસ.એસ. અધિકારી, ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી, ગુ.રા., ગાંધીનગર.
- આઈ.ટી. સેલ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ. (પરિપત્ર વેબસાઈટ પર અપલોડ કરવા)


સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus
Bhakta Kavi Narsinh Mehta University Road
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 fax: 0285-2681503

Web: http://www.bknmu.edu.in || Email:registrar@bknmu.edu.in, cultural.bknmu@gmail.com

# ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી

એન.એસ.એસ. શાખા, બ્લોક નં.૧૨/૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

सत्यमेव जयते

જા.ક્ર. :- રસય/[illegible]/૨૦૨૫/[illegible]૩૪ /NCAP/ તા.૦૭/૦૫/૨૦૨૫

પ્રતિ,

રજીસ્ટ્રારશ્રી, એન.એસ.એસ સંલગ્ન યુનીવર્સીટી તમામ,
જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી તમામ.

વિષય: રાષ્ટ્રીય સ્વચ્છ હવા કાર્યક્રમ (NCAP) હેઠળ જાગૃતિ પેદા કરવા માટે યુવાનોને જોડવા (MY Bharat Platform) બાબત.

સંદર્ભ: પર્યાવરણ, વન અને આબોહવા મંત્રાલયનો ડી.ઓ. પત્ર નં. Q-16017-41-2019-CPA તા.22/05/2025

શ્રીમાન,

ઉક્ત વિષય તેમજ સંદર્ભ પરત્વે જણાવવાનું કે, આ કાર્યક્રમનો સંદર્ભ યુવા બાબતો અને રમતગમત મંત્રાલયના MY Bharat Platform દ્વારા NCAP હેઠળ શહેરો દ્વારા આયોજિત જાગૃતિ અને આઉટરીચ માટે યુવાનોના કાર્યક્રમ સાથે છે. માનનીય પ્રધાનમંત્રીએ યુવાનો (15-29 વર્ષના વય જૂથ) ને તેમની આકાંક્ષાઓને સાકાર કરવા અને "વિકસિત ભારત" ના નિર્માણમાં યોગદાન આપવા માટે સશક્ત બનાવવા માટે 'મેરા યુવા ભારત (MY Bharat)' પ્લેટફોર્મ શરૂ કર્યું.

MoEF&CC દ્વારા 14.05.2025 ના પત્ર દ્વારા 82 શહેરો દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવતી પ્રદૂષણ નિયંત્રણ યોજનાના સંદર્ભમાં મુખ્ય પ્રવૃત્તિઓ હેઠળ 'MY Bharat' દ્વારા જન જાગૃતિ અને જાહેર સંપર્ક માટે શાળાઓ અને કોલેજોને સામેલ કરવાની પ્રવૃત્તિનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.આ સંદર્ભમાં, શાળાઓ અને કોલેજોને સામેલ કરીને નિયમિત જન જાગૃતિ કાર્યક્રમો હાથ ધરવા જરૂરી છે. શાળાઓ અને કોલેજોને MY Bharat દ્વારા નીચેની પ્રવૃત્તિઓ હાથ ધરવા વિનંતી કરવામાં આવે છે.

a. વિશ્વ પર્યાવરણ દિવસ સપ્તાહ (૨૨ મે - ૪ જૂન, ૫ જૂન પહેલા ૨ અઠવાડિયા)
b. વિશ્વ પર્યાવરણ દિવસ (૫ જૂન)
c. વાયુ પ્રદૂષણ જાગૃતિ સપ્તાહ (૧-૬ સપ્ટેમ્બર, ૭ સપ્ટેમ્બર પહેલા અઠવાડિયા)
d. સ્વચ્છ વાયુ દિવસ (૭ સપ્ટેમ્બર)
e. શૂન્ય ઉત્સર્જન દિવસ (૨૧ સપ્ટેમ્બર)
f. સ્વચ્છ વાયુ સર્વેક્ષણ (૭ સપ્ટેમ્બર)

ઉક્ત વિગતે એન.એસ.એસ સંલગ્ન તમામ યુનીવર્સીટી/ જીલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીઓ તથા સંલગ્ન શાળા/કોલેજોના એન.એસ.એસ. યુનિટ દ્રારા વધુમાં વધુ વિદ્યાર્થી ભાગ લેય તેમજ કરેલ કામગીરીનો અહેવાલ આપની કક્ષાએથી સંકલિત કરેલ અહેવાલ અત્રેની કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે.

રાજ્ય એન. એસ. એસ. અધિકારી
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા.,ગાંધીનગર

બીડાણ: ઉપર મુજબ